**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૩૭.૦ ડીગ્રી
લઘુતમ : ૨૮.૫ ડીગ્રી
ભેજ
સવારે ૭૬ ટકા ● સાંજે ૫૧ ટકા

# બિમારીનો અકસીર ઈલાજ : યોગ

## શહેરના યોગગુરૂઓના મતે નિયમિત યોગ કરીને અસાધ્યમાં અસાધ્ય બિમારીઓ મટી શકે છે




ગાંધીનગર, તા.૧૯

**કોરોનાના સંક્રમણના સમયમાં સમગ્ર વિશ્વ કોરોનાથી બચવાના પ્રયત્નમાં છે. દરેક પોતાની રોગપ્રતિકારક શકિતમાં વધારો કરવા તથા શારીરિક રીતે મજબૂત રહેવા માટે પ્રયત્ન કરી રહ્યા છે. યોગને તમામ રોગનો અકસીર ઈલાજ ગણાવવામાં આવ્યો છે. યોગ કરવાથી શારિરીક અને માનસિક બંને રીતે પ્રત્યેક વ્યકિત સ્વસ્થ રહી શકે છે તેવું શાસ્ત્રોમાં કહેવાયું છે ત્યારે આ બાબતમાં નગર સ્થિત યોગ ગુરૂઓના મત જાણીએ.**

●●●

**કોઈ પણ રોગની શરૂઆત મનથી થાય છે, મન સ્વસ્થ રાખવા માટે યોગ જરૂરી**

આજે આખું વિશ્વ કોવિડ-૧૯ નાનની વૈશ્વિક બિમારીથી પીડાઈ રહ્યું છે. વિશ્વના દરેક હિસ્સામાં રહેલ મનુષ્ય સીધી કે આડકતરી રીતે આ બિમારીની અસર હેઠળ જુદી જુદી રીતે 'ડર' અને 'અસુરક્ષા' ના ભાવ હેઠળ આવી ગયા છે ત્યારે ૫૦૦૦ વર્ષ પૂર્વેના યોગશાસ્ત્રમાં આધિ અને વ્યાધિ રીતે આ રોગનું સમાધાન અપાઈ ગયું હતું. ફકત મનુષ્ય તેનાથી અજાણ છે. યોગશાસ્ત્રમાં મનુષ્ય વ્યકિતત્વના પાંચ અલગ અલગ સ્તરને કોષ કહેવાય છે અને મનુષ્યના વ્યકિતત્વના સૌથી બહારના સ્થૂળ કોષને અન્નમય કોષ કહે છે જે મનુષ્યનું શરીર છે. ઉપરાંત પ્રાણમય કોષ, મનોમય કોષ, આનંદમય કોષ મનુષ્યના શરીરમાં રહેલા છે જે અલગ અલગ ભાવનો ખ્યાલ આપે છે. યોગમાં મનુષ્ય શરીરનો ક્રમાનુસાર અભ્યાસ દર્શાવવામાં આવ્યો છે. આપણી ૮૦ ટકા બિમારીઓ મનોશારિરીક છે. એટલે કે બિમારીની ચિંતા, ડર, નકારાત્મકતા અને અસુરક્ષાના ભાવથી માનસિક આંદોલન થવાથી અસમાન પ્રાણનો સંચાર ઉત્પન્ન થાય છે અને તે અસંતુલિત રીતે નાડીમાં વહન કરે છે જેથી પ્રાણમય કોષમાં અસંતુલન પેદા થાય છે અને અંતે તે વ્યાધિમાં પરિવર્તિત થઈ અન્નમય કોષમાં અસંતુલન પેદા કરે છે જેથી રોગપ્રતિકારક શકિત ઘટતા તે બિમારીમાં પરિણમે છે.



મારા મતે જેમ યમ-નિયમ છે તેમજ ષડકર્મ તેમાં પણ નેતિ-જલનેતી, વસ્ત્ર, કુંજલ ક્રિયા, ત્રાટક, નસ્ય આ બધી જ ક્રિયાઓ આપણને પ્રીવેન્શન ઈઝ બેટર ધેન કયોર તરફ આગળ કરે છે. કોરોનાની એન્ટ્રી જે નાક દ્વારા ગળા અને પછી ફેફસા તરફ વધે છે તેને અટકાવે છે અને તેની સ્વચ્છતા દ્વારા રોગને અટકાવી દે છે તેમજ રોગની સારવાર પછી પણ મદદ કરી સ્વસ્થતા તેમજ સ્વચ્છતા આપે છે. આમ, યૌગિક જીવનશૈલી અપનાવવાથી ચોકકસ આપણે આપણી રોગપ્રતિકારક શકિતમાં વધારો કરી કોરોના જેવી મહામારીથી લડી શકીએ.

**- બીના રાવત, એમ.એ. યોગ સાયન્સ, યોગ શિક્ષક**

●●●

**યમ નિયમ સહિત શ્રધ્ધાપૂર્વક યોગનો અભ્યાસ કરવામાં આવે તો અદભૂત પરિણામ મેળવી શકાય છે**



યોગ એટલે માનવ જીવનને શ્રેષ્ઠતા પ્રદાન કરતું અદભૂત વિજ્ઞાન. શ્રધ્ધાપૂર્વક યોગનો યમ નિયમ સહિત નિયમિત અભ્યાસ કરવામાં આવે તો અદભૂત પરિણામો મેળવી શકાય છે. જેમ કે શારીરિક, માનસિક સ્વસ્થતા કેળવતા રોગપ્રતિકારક શકિતનો વિકાસ થાય, લાગણીઓ પર નિયંત્રણ તેમજ મનની એકાગ્રતા વધારી શકાય, આહાર વિચારમાં સંતુલન આવે, ચૈત્સિક શકિતઓના વિકાસ દ્વારા આધ્યાત્મિક ઉન્નતી સાધી શકાય, સુખ દુઃખ, લાભહાનીમાં સમતા કેળવાય, કાર્યની કુશળતા અને ચોકસાઈ વધે. સહનશકિત અને સમજણ શકિત જેવા માનવ મૂલ્યો કેળવાય આ તમામ સિવાય સ્ટ્રેશવાળી જીવનશૈલીને લીધે ઊંઘ ન આવવી પાચન સંબંધી સમસ્યા અને એકાગ્રતાનો અભાવ અને પારિવારિક સામાજીક સંબંધોમાં ઉદભવતી તકલીફોમાં યોગાસન, ધ્યાન અને પ્રાણાયામના નિયમિત અભ્યાસથી અનેક સકારાત્મક પરિણામ મળ્યા છે તો ચાલો સૌ પરિવાર સાથે મળીને યોગાભ્યાસ કરીએ અને કોરોનાને ભગાવીએ. સ્વસ્થ પરિવાર, સ્વસ્થ સમાજ અને ઉન્નત રાષ્ટ્રના નિર્માણ માટે કટિબધ્ધ બનીએ.

**- ડો. આનલ રાવલ, માસ્ટર કોચ**

●●●

**યોગામાં ધીરજ જરૂરી છે**

આજની વૈશ્વિક મહામારીના સમયમાં બધા જ યોગ તરફ વધારે વળી રહ્યા છે. યોગ એ માનવ શરીર અને મનને પ્રાણવાન



અને ઊર્જાવાન કરનાર પવિત્ર ક્રિયા છે. જો યોગ્ય રીતે અથવા શાસ્ત્રીય રીતે ઉપરાંત નિયમિત રીતે યોગ કરવામાં આવે તો સમગ્ર શરીરને ઊર્જાવાન તથા પ્રાણવાન બનાવી શકાય છે. કોરોનાના કાળમાં જેટલા ફેફસા મજબુત તેટલો માનવી વધારે સલામત તેથી યોગ વિદ્યામાં અનેરૂ મહત્વ ધરાવતા પ્રાણાયામ, અનુલોમ-વિલોમ અને કપાલભાતી જેવી ક્રિયાઓથી પણા શરીરમાં પ્રાણનું સંચાર થઈ શકે છે અને શરીરની રોગપ્રતિકારક શકિત વધે છે જેને કારણે કોરોના સહિત અન્ય રોગ અને લાઈફસ્ટાઈલ ડિસઓર્ડરને પણ મહાત આપવામાં સફળતા પ્રાપ્ત થાય છે. આજની મહામારીના સમયમાં નકારાત્મકતા ફેલાઈ રહી છે તેમાં યોગ અને ધ્યાન જરુરી છે. અને મારા મતે આ તમામ દરમિયાન માઈન્ડફુલ બ્રીધીંગ થવું વધુ જરુરી છે જેના અનેક ફાયદા છે. અસ્થમા, ની રીપ્લેસમેન્ટ, પ્રીનેટલ, પોસ્ટનેટલ સાથે થેરાપ્યુટીક અને હઠયોગા કરાવું છું. અને મારા અનુભવ પ્રમાણે યોગા કરવાથી આ તમામના રીઝલ્ટ પણ મળ્યા છે. અને હા, યોગમાં ધીરજ જરુરી છે.

**- મહેક દેસાઈ, રજીસ્ટર્ડ યોગા ટીચર (RYT)**

●●●

**સૂર્ય નમસ્કાર એટલે સંપૂર્ણ રીતે ફિઝિકલ ઓકિસજન**

યોગ કરવાથી પ્રત્યેક વ્યકિતનો ઈમ્યુનિટી પાવર વધે છે. ઈમ્યુનિટી વધે એટલે કરોના નહિ દરેક પ્રકારના રોગોથી વ્યકિત દૂર થાય. યોગ મનુષ્ય માટે જરુરી છે કારણકે મનુષ્ય યૌગિક રીતે મજબૂત હોય તો જીવનમાં આગળ વધી શકશે. યોગ કરવાથી સુષુપ્ત શકિતઓનો ડેવલપ કરી શકાશે. ૫ વર્ષના બાળકથી લઈ વૃધ્ધો પણ યોગ કરી શકે છે. મારા મતે વ્યકિતનું મન શાંત હોય તો શરીર શાંત રહે છે અને અનેક પ્રકારના નિર્ણય આસાનીથી લઈ શકાય છે. રોગ માટેનો ઈલાજ યોગ એટલા માટે છે કે વ્યકિતના શરીરના દરેક કોષને ઓકિસજન જોઈએ યોગ કરવાથી ઓકિસજન મળે છે. જેનાથી પ્રાણશકિત વધે છે. અને કોષને ઓકિસજન મળવાથી રોગ થવાની શકયતા રહેતી નથી. ઈમ્યુનિટી વધારવા માટે પ્રત્યેક વ્યકિતએ સૂર્ય નમસ્કાર કરવા જરુરી છે. સૂર્ય નમસ્કાર એટલે સંપૂર્ણ રીતે ફીઝીકલ ઓકિસજન જે આપણા બોડીની ગ્રંથીઓ પર કામ કરે છે અને તમામ જોઈન્ટસ તથા નાડીઓ ઉપર પોઝીટીવ ઈફેકટ આવે છે. આ સિવાય પ્રત્યેક વ્યકિત માટે આસનો જણાવું તો પશ્ચિમોત્તાસન, મંડૂકાસન, ભૂજંગાસન, શેતુબંધ આસન તથા પાદવૃત્તાસન કરવું જોઈએ.



**- યોગાચાર્ય કાનજીભાઈ બાવરી, નેચરોપેથી**

# ૨૧ મી જુન ૨૦૨૦ના રોજ 'વિશ્વ યોગ દિન'ની ઉજવણી કરાશે

## કોરોના વાઈરસને હરાવવા "Yoga at Home", "Yoga With Family" ના કન્સેપ્ટથી યોગ કરાશે

ગાંધીનગર, તા.૧૯

આયુષ મંત્રાલય, નવી દિલ્હી અને રમત ગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ, ગુજરાત સરકારના સંયુક્ત ઉપક્રમે સમગ્ર રાજય સહિત ગાંધીનગર જિલ્લામાં ૨૧ મી જુન ૨૦૨૦ ના રોજ વિશ્વ યોગ દિવસની ઉજવણી NON-CONGREGATIVE (એકત્રિત થયા વગર) આયોજન કરવામાં આવ્યું છે. જે અન્વયે "YOGA AT HOME", "YOGA WITH FAMILY" નો કન્સેપ્ટ અપનાવવામાં આવ્યો છે. જે અંતર્ગત ગાંધીનગર જિલ્લા તેમજ મહાનગરપાલિકાની સમગ્ર જન સમુદાયને પરિવાર સાથે તેમના ઘરેથી સવારે ૭:૦૦ કલાકે ભાગ લેવા જિલ્લા વહીવટી તંત્ર દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે.

સરકારશ્રી દ્વારા ઘરેથી યોગમાં ભાગ લે તે માટે વિસ્તૃત ગાઈડલાઈન https://yoga.ayush.gov.in/yoga પર મુકવામાં આવી છે.

દેશના વડાપ્રધાનશ્રી દ્વારા તા. ૩૧/૦૫/૨૦૨૦ ના "મન કી બાત" કાર્યક્રમમાં જણાવ્યા મુજબ "MY LIFE MY YOGA" વિષય પર વિડીયો બ્લોગિંગ કોન્ટેસ્ટ જાહેર કરી તેમાં દરેકને ભાગ લેવા જણાવેલ છે, જે અંતર્ગત ભાગ લેનારે ત્રણ મિનિટના સમયગાળાનો ૩ યોગીક ક્રિયાઓ સાથેનો SHORT VIDEO MESSAGE બનાવી સોશિયલ મીડિયા(ફેસબૂક, ટ્વિટર, ઈનસ્ટાગ્રામ)માં #MyLifeMyYogaINDIA સાથે અપલોડ કરવા અપીલ કરવામાં આવી છે. આ મુજબ કોન્ટેસ્ટ અંગેની એન્ટ્રીઓ આયુષ મંત્રાલયની વેબ સાઈટ https://yoga.ayush.gov.in/yoga તથા અન્ય બે ચેનલ (૧) The MyGov Platfrom (૨) https://mylifemyyoga2020.com પર પણ કરી શકાશે.

ગુજરાત સરકાર દ્વારા પણ તા. ૧૪/૦૬/૨૦૨૦ થી ૨૦/૦૬/૨૦૨૦ સુધી "યોગ કરીશું કોરોનાને હરાવીશું", '#DoYogaBeatCroona' હેશટેગ સાથે રાજ્યકક્ષા યોગ સપ્તાહ કેમ્પેન શરૂ કરવામાં આવ્યું છે. જે અંતર્ગત ૧૯,૨૦ જૂનના રોજ તમારા મનગમતા આસન સાથે તમારો ફોટો સોશિયલ મીડિયા પર '#DoYogaBeatCroona' સાથે પોસ્ટ કરીને આ કેમ્પેનમાં જોડાવવા આહવાન કરવામાં આવ્યું છે.

તા ૨૧ મી જૂન ૨૦૨૦ ના રોજ વિશ્વ યોગ દિનની ઉજવણીના ભાગ રૂપે સવારના ૭:૦૦ કલાકથી ટેલીવિઝન તેમજ સોશિયલ મીડિયા પર કોમન યોગા પ્રોટોકોલ (CYP) મુજબનું યોગ સેશન યોજાશે. આ ઉપરાંત યુ ટ્યુબ વિડીયો લિન્ક - https://www.youtube.com/watch?v=0Bsb01XaCfc પર પણ ગુજરાતી ભાષામાં આ સેશન આપવામાં આવ્યું છે, જે મુજબ ગાંધીનગર જિલ્લા તેમજ મહાનગરપાલિકા ની તમામ જનતાને વિશ્વ યોગ દિન ઉજવણીમાં ભાગ લેવા અપીલ કરવામાં આવી છે.

# ચ-૬ સર્કલ પાસે વૃધ્ધાના દાગીના લુંટી શખ્સો ફરાર

ગાંધીનગર, તા.૧૯

ગાંધીનગર શહેરમાં ચ-૬ સર્કલ નજીક ભર બપોરે વૃધ્ધાને ડરાવી ધમકાવીને સોના-ચાંદીના દાગીના લુંટી લઈને ત્રણ યુવાનો ફરાર થઈ ગયા છે. આ ઘટનાને પગલે વૃધ્ધાએ સેકટર-૨૧ પોલીસ મથકે ગુનો નોંધાવતા પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.

મળતી વિગત મુજબ ગાંધીનગર શહેરમાં રીક્ષામાં બેસાડીને લુંટ ચલાવતી ટોળકી ફરી સક્રિય થઈ હોય તેમ લાગી રહ્યું છે. કોલવડા ગામના દરબાર ભાગોળ ગલાબજીના માઢ ખાતે રહેતા અમરતબા જવાનજી સોલંકી (ઉ.૬૦) તા.૧૭ના રોજ સવારના અગીયાર વાગ્યાના સુમારે દવા લેવા માટે ઘ-૫ ખાતે આવ્યા હતા. દવા લઈ લીધા બાદ તેઓ સેકટર-૨૨-૨૩ કટ બસ સ્ટેન્ડ પાસે ઉભા રહીને કોલવડા તરફ જતી રીક્ષાની રાહ જોતા ઉભા હતા. તે સમયે એક અજાણ્યો યુવક તેમની નજીક આવ્યો હતો અને વડોદરા જવુ છે કેટલો સમય લાગશે તેમ પુછ્તા વૃધ્ધાએ ખબર નહી હોવાનું જણાવ્યું હતું. ત્યારબાદ અન્ય યુવકને પણ વડોદરા અંગે પુછતાછ કરીને મારી પાસે ભાડુ નહી હોવાનો રાગ આલાપ્યો હતો. જેથી યુવકે રૂ.૨૦ અને વૃધ્ધાને દયા આવતા રૂ.૫૦ આપ્યા હતા. ત્યારબાદ થોડીક મિનીટમાં રીક્ષા આવીને ઉભી રહી હતી અને તમારે કયા જવું છે કોલવડા કહેતા જ પેલા યુવાનો પણ વૃધ્ધાની બાજુમાં બેસી ગયા હતા. ત્યારે રીક્ષા ઘ-૬ થી ચ-૬ તરફ વળતા જ વૃધ્ધાએ રીક્ષા કેમ ખોટી દીશામાં જવા દીધી તેમ કહેતા જ રીક્ષા ચાલકે મારે થોડુ કામ છે, પતાવીને જઈએ છીએ તેમ કહી રીક્ષા ચ-૬ થી આગળ ઉભી રાખી હતી. રીક્ષામાંથી વૃધ્ધા અને બે યુવકો નીચે ઉતરી ગયા હતા અને રીક્ષા ચાલકને તેનું કામ પતાવી દેવા દો. રીક્ષા દુર જતા બે યુવકોએ વૃધ્ધાને ડરાવીને ધમકાવીને વૃધ્ધાએ પહેરેલા સોનાના કાપ અને ચાંદીના કડલા માંગ્યા હતા. જેથી ગભરાઈ ગયેલા વૃધ્ધાએ આપી દીધા હતા. ત્યારબાદ વૃધ્ધા ઘરે જઈને સુઈ ગયા હતા. ત્યારબાદ બીજા દિવસે સવારે પરિવારને જાણ કરી હતી. બનાવ અંગે વૃધ્ધાએ સેકટર-૨૧ પોલીસ મથકે ફરીયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી તપાસ શરુ કરી છે.

# ગુડાના કુડાસણ અને સરગાસણ ખાતેના પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત EWS II કક્ષાના ૭૨૮ આવાસોનો ૨૨મીએ ડ્રો

ગાંધીનગર, તા.૧૯

ગાંધીનગર શહેરી વિકાસ સત્તા મંડળ દ્વારા ટી.પી. સ્કીમ નંબર – ૬ (કુડાસણ) ના ફાળવણી પ્લોટ નંબર – ૧૭૩ તથા ટી.પી.સ્કીમ નંબર – ૮ (સરગાસણ) ના ફાળવણી પ્લોટ નંબર – ૪૭ માં પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત EWS II કક્ષા ના કુલ – ૭૨૮ આવાસો સારૂ ફોર્મ મંગાવવામાં આવ્યા હતા. જેનો કોમ્પ્યુટરાઈઝડ ડ્રો તા. ૨૨ મી જૂન, ૨૦૨૦ ના રોજ સવારના ૧૧.૦૦ કલાકે મહેસુલ મંત્રી શ્રી કૌશિકભાઈ પટેલના હસ્તે કરવામાં આવશે.

ડ્રો માં આવાસ ફાળવણી થયેથી આવાસ મેળવનાર લાભાર્થીઓની યાદી ગુડાની વેબસાઈટ www.guda.gujarat.gov.in ઉપર મુકવામાં આવશે. તેમજ આવાસ મેળવનાર લાભાર્થીઓને એસએમએસથી અલગથી જાણ કરવામાં આવશે. અત્રે ઉલ્લેખનીય છે કે ફાળવવામાં આવનાર આવાસની કુલ કિંમત ૮.૫૦ લાખ છે. જેમાં કેન્દ્ર સરકારશ્રી દ્વારા પ્રતિ યુનિટ ૧.૫૦ લાખ અને રાજ્ય સરકાર દ્વારા પણ પ્રતિ યુનિટ ૧.૫૦ લાખ સહાયક અનુદાન બાદ કરીને લાભાર્થીને રૂ. ૫.૫૦ લાખમાં (મેન્ટેનન્સ ૫૦ હજાર અલગથી) ફાળવવામાં આવશે.

# ગાંધીનગર મનપા વિસ્તૃતિકરણમાં નવા પાલજનો સમાવેશ કરવા માંગ

ગાંધીનગર, તા. ૧૯

સાબરમતી નદીના કિનારે સ્થિત જુના પાલજ ગામ ગાંધીનગર મહાનગર પાલિકામાં પહેલાંથી સમાવિષ્ટ છે જેનો વહીવટ સીધો મહાનગરપાલિકા દ્વારા કરવામાં આવે છે. હવે ગાંધીનગર મહાનગરપાલિકાના વિસ્તૃતિકરણમાં નવા પાલજનો સમાવેશ ના થતાં તે વિસ્તારના ગ્રામજનોમાં રોષની લાગણી પ્રવર્તી રહી છે.

ગાંધીનગર શહેર વસાહત મહાસંઘના પ્રમુખ કેશરીસિંહ બિહોલાએ જણાવ્યું છે કે, 'વર્ષો પહેલાં ગામના વિકાસને તથા વસ્તી વધારાને ધ્યાને લઈ પાલજ ગામના જે ગૌચર સર્વે નં.૧૦૨૮નો ગામના માલધારીઓ ગામના રહીશોના પશુઓને ઘાસચારા માટે ઉપયોગ કરતાં હતા તે સરકારી રેકોર્ડમાં નિયત થયેલ હતું જે ગૌચરનો અમુક ભાગ સમયાંતરે જે તે વખતે પાલજ ગ્રામ પંચાયત દ્વારા જુના ગામની વધતી વસ્તીને ધ્યાનને લઈ સંકળામણ ન અનુભવાય તેથી પંચાયતમાં નવાં ગામતળનો ઠરાવ કરી જે તે વખતના સત્તાધિશો પાસે સરકારમાં મંજૂરી મેળવવામાં આવી હતી ત્યારબાદ જુના પાલજના ગ્રામજનોને તેમાં રહેઠાણ માટે પ્લોટની ફાળવણી કરવામાં આવી હતી. જુના પાલજ ગામ વિસ્તારમાંથી જે ગ્રામવાસીઓને સંકળામણ હતી તેવા પાલજ ગામના જ રહીશો આ વિસ્તારમાં રહેઠાણ બનાવી રહેવા લાગ્યા હતા અને જે હવે નવા પાલજ તરીકે ઓળખાય છે. આ નવા પાલજ એ જુના પાલજ ગામનો જ ભાગ ગણવામા આવે છે પરંતુ આ ભાગનો વિસ્તૃતિકરણ પામેલ ગાંધીનગર મહાનગર પાલિકામાં તેનો સમાવેશ કરવામાં આવ્યો નથી જેમાં જુના પાલજ ગામના જ નાગરિકો વસવાટ કરે છે. જેથી નવા પાલજ વિસ્તારના ગ્રામજનોની લાગણી દુભાઈ છે અને સરકારની આ ભેદભાવભરી નીતિ સામે રોષ ઉઠવા પામ્યો છે.' આ સાથે નવા પાલજ ગામ વિસ્તારને પણ ગાંધીનગર મહાનગરપાલિકામાં સમાવી લેવામાં આવે તેવી ગાંધીનગર શહેર વસાહત મહાસંઘ દ્વારા ભલામણ કરવામાં આવી છે તેમજ આ બાબતે સરકારમાં ઉગ્ર રજૂઆત કરવામાં આવશ તેવું ગાંધીનગર વસાહત મહાસંઘના પ્રમુખ કેશરીસિંહ બિહોલાએ જણાવ્યુંછે.

# સે-૧૭ની ૧૦૮ કોવિડ એમ્બ્યુલન્સે ત્રણ માસમાં ૬૭૦થી પણ વધુ કેસ હેન્ડલ કર્યા




ગાંધીનગર તા.૧૯

કોરોના મહામારીના કપરા કાળમાં ગાંધીનગર જિલ્લામાં ૧૦૮ એમ્બ્યુલન્સની કામગીરી પ્રશંસનીય રહી છે. ગાંધીનગરમાં સૌથી વધુ ૧૪૬૮ પ્રસૂતિના કેસો અને ૭૫૨ હૃદયની તકલીફવાળા દર્દીઓને કોવિડ-૧૯ માટે ફાળવેલ એમ્બ્યુલન્સ સિવાયની ૧૦૮ એમ્બ્યુલન્સમાં સમયસર હોસ્પિટલ પહોંચાડયા હતા.

સમગ્ર ગુજરાત રાજ્યમાં ૧૦૮ની સેવા ૨૪ કલાક ખડેપગે હોય છે પરંતુ પૂર્ણ સમય દરમિયાન ઉત્કૃષ્ટ કામગીરીમાં ગાંધીનગર જિલ્લાની ૧૦૮ ટીમ સતત અગ્રેસર રહી છે. જિલ્લામાં ૧૦૮ ની ટીમ દ્વારા છેલ્લા ત્રણ માસ દરમિયાન કોરોના વાયરસના ૬૭૮ કેસ સાથે અન્ય કેસોમાં કુલ ૭૪૦૦થી વધુ વિવિધ સેવા માટેના કોલ હેન્ડલ કરવામાં આવ્યા છે. જિલ્લામાં ૧૦૮ એમ્બ્યુલન્સની ટીમ દ્વારા કોરોનાની મહામારીમાં ઉત્કૃષ્ટ કામગીરી કરવામાં આવી છે. છેલ્લા ત્રણ માસ એટલે કે માર્ચ, એપ્રિલ અને મે ૨૦૨૦ દરમ્યાન ૩૦૬ જેટલા કોરોના પોઝિટિવ કેસોને જિલ્લાના વિવિધ સ્થળેથી ગાંધીનગર સિવિલ અને કોરેન્ટાઈન સેંટર ખાતે લાવવામાં આવ્યા છે. આ ઉપરાંત ૧૪૬૮ જેટલા પ્રસૂતિના કેસો, ૭૫૨ જેટલા ગરમીના કારણે શ્વાસની બીમારીના કેસો, ૩૮૩ હૃદયની તકલીફ વાળા કેસો તેમજ ૪૨૪૮ જેટલા અન્ય વિવિધ રોગોના કેસોમાં દર્દીઓને સમયસર સારવાર અર્થે નજીકના પી.એચ.સી. તથા સી.એચ.સી ખાતે પહોંચાડવાની કામગીરી કરવામાં આવી રહી છે.

## કોવિડ-૧૯ માટે સે-૧૭ની એક જ એમ્બ્યુલન્સ ફાળવી છે

ગાંધીનગર જિલ્લાના ૧૦૮ ઈમર્જન્સી સેવાના પ્રોગ્રામ મેનેજર સંદીપભાઈ ગઢવી તથા મેનેજમેન્ટ એકિઝક્યુટિવ અક્ષય પંચાલે જણાવ્યું હતું કે કોરોનાની મહામારીના કારણે જિલ્લામાં સેકટર-૧૭ની ફકત એક જ ૧૦૮ કોવિડ-૧૯ના કેસ માટે અલગ ફાળવવામાં આવી છે. જેથી અન્ય રોગના દર્દી માટે અન્ય ૧૨ એમ્બ્યુલન્સ રાખવામાં આવેલી છે તથા તેમના સ્નેહીજનોને એમ્બ્યુલન્સ સેવાનો લાભ લેતા ડર ના લાગે તે માટે અન્ય ૧૨ એમ્બ્યુલન્સ દ્વારા નિયમ મુજબ ૨૪ કલાક અવિરત સેવાઓ આપવામાં આવી રહી છે જેમાં કોરોનાના દર્દી લઈ જવામાં આવતા નથી.



સેકટર-૧૬ ગાંધીનગરમાં રહેતા રાજુભાઈ સોનારા, રશ્મિનભાઈ રાજન, ભાનુભાઈ પરમાર દ્વારા એસ.ટી. બસ સ્ટેન્ડ ગાંધીનગર ખાતે પ્રવાસીઓને મફત માસ્કનું વિતરણ કરવામાં આવ્યું હતું.

## ચિરવિદાય

- સ્વ. પદમાબેન જયકિશ્ના પટેલ, ઉ.વ. ૯૨, ભાટગામ
- સ્વ. હસમુખભાઈ બટુકભાઈ ગોહેલ, ઉ.વ. ૫૪, કોલવડા
- સ્વ. નવીનચંદ્ર જેઠાલાલ શાહ, ઉ.વ. ૭૬, સેકટર-૨૪
- સ્વ. વિરાદેવી રામવદન યાદવ, ઉ.વ. ૪૫, મુ.કડી, મહેસાણા
- સ્વ. દરબાર સેલ્વીબેન કુંદાસ્વામી, ઉ.વ. ૫૬, સેકટર-૧૪
- સ્વ. દવે પ્રદિપકુમાર પ્રહલાદભાઈ, ઉ.વ. ૩૬, મુ. પેથાપુર